# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-09-2022** **Midday : 2.20 to 2.25**

**Day:-Firday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## આઝાદી કા અમૃત મહોત્સવ (પ્રોમો)

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા )

# PM- Environment Ministers

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નૂતન ભારત ટકાઉ વિકાસલક્ષી બાબતોમાં અગ્રણી તરીકે ઉભરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય સૌરમંડળથી માંડીને જીવનધોરણ સુધી , તમામ બાબતોમાં ભારતનું નેતૃત્વ રહ્યું છે. વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યોના પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સંબોધતાં શ્રી મોદીએ કહ્યું કે , ભારત નવા અભિગમ અને નવી વિચારસરણી સાથે આગળ વધી રહ્યું છે. ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનીને ભારત પર્યાવરણીય રીતે મજબૂત બની રહ્યું છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે , દેશનું વન આવરણ વધ્યું છે અને જળ પ્લાવિત વિસ્તારો પણ ઝડપથી વિસ્તરી રહ્યાં છે. તેમણે કહ્યું કે , વર્ષોથી ગીરના સિંહ , વાઘ, હાથી, એક શિંગડાવાળા ગેંડા અને દીપડાઓની સંખ્યામાં વધારો થયો છે. હવે ભારત દ્વારા ચિતાનું ઉષ્માભર્યું સ્વાગત કરીને તેનો ઉમેરો કર્યો છે.

પ્રધાનમંત્રીએ 2070 સુધીમાં દેશમાં શૂન્ય ઉત્સર્જનના લક્ષ્યને હાંસલ કરવા માટે રાજ્યોને સાથે મળીને કામ કરવા વિનંતી કરી હતી. અર્થતંત્રને વેગ આપવા અને ભાવિ પેઢીઓ માટે પર્યાવરણના સંરક્ષણમાં લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા જણાવ્યું હતું. ઘન કચરાના વ્યવસ્થાપન અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકને નાબૂદ કરવા તરફના પ્રયત્નોને છે. તેમણે પરિષદમાં ઉપસ્થિત તમામ રાજ્યોને પર્યાવરણ સંરક્ષણમાં શ્રેષ્ઠ પ્રયાસો શીખવા અને સમગ્ર ભારતમાં સફળ ઉકેલો લાગુ કરવા વિનંતી કરી.

અગાઉ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું કે બે દિવસીય પરિષદમાં જીવન , આબોહવા પરિવર્તન , વન વિસ્તાર વ્યવસ્થાપન , પ્રદૂષણ નિયંત્રણ, વન્યજીવન વ્યવસ્થાપન , પ્લાસ્ટિક અને કચરાનું વ્યવસ્થાપન વગેરે પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , પર્યાવરણ રાજ્યમંત્રી અશ્વિની કુમાર ચૌબે ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસીય પરિષદમાં તમામ રાજ્યોના પર્યાવરણ મંત્રીઓ અને સચિવો ભાગ લઈ રહ્યા છે.

---------------------------------

## SAGAR PARIKRAMA YATRA - PARASOTAM RUPALA

સૌરાષ્ટ્રના માંગરોળ બંદરેથી ગઇકાલે નીકળેલી બીજા તબક્કાની સાગર પરિક્રમા યાત્રાએ નીકળેલું જહાજ આજે મૂળ દ્વારકા બંદરે લાંગરયું હતું. મત્સ્યોધ્યોગ ,ડેરી અને પશુપાલન મંત્રી પરસોત્તમ રૂપાલાને લઈ કોસ્ટ ગાર્ડ નું જહાજ અહી પહોંચતા માછીમાર સહિત ના સ્થાનિક સમાજ દ્વારા તેમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. મૂળ દ્વારકા બંદરે માછીમારો સાથે સંવાદ બેઠક યોજીને મંત્રી શ્રી રૂપાલા તેમની સમસ્યાઓ થી વાકેફ થયા હતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ની પરિકલ્પના પ્રમાણે બ્લૂ રિવોલ્યુશન નો હિસ્સો બની આજીવિકા નું સ્તર ઊંચે લઈ જવાની ખારવા સમાજ ને આપી હતી. માછીમાર સિવાય ના દરિયા ઉપર નભતા સમાજ ના લોકો ને પણ મત્સ્યબીજ ના ઉછેર સહિત ના કામધંધા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા મંત્રી શ્રી રૂપાળાએ કહ્યું હતું. મૂળ દ્વારકાનું રોકાણ આટોપી સાગર પરિક્રમાએ નીકળેલું જહાજ

માઢવાડ બંદરે પહોચ્યું ત્યારે કેન્દ્રિય મંત્રી રૂપાલાનું સ્વાગત કરવા માટે રાજ્ય ના મત્સ્યોધ્યોગ મંત્રી જીતુભાઈ ચૌધરી ત્યાં હાજર હતા.

સૌરાષ્ટ્ર થી દક્ષિણ ગુજરાત ના દરિયાકાંઠા ના નાના નાના બંદર ને આવરી લેતી બીજા તબક્કા ની સાગર પરિક્રમા ગઇકાલે 22મી સપ્ટેમ્બરે માંગરોળ થી શરૂ થઈ છે, જે 25 સપ્ટેમ્બરે ઉમરગાંવ બંદરે પૂરી થશે. કેન્દ્રિય મંત્રી પરસોત્તમ રૂપાલા કોસ્ટ ગાર્ડ ના જહાજમાં દરિયાઈ સફર હાથ ધરી માંગરોળ , વેરાવળ , મૂળ દ્વારકા, માઢવાડ, દીવ ટાપુ ના ઘોઘલા અને વણાકબારા , પીપાવાવ, શિયાળબેટ , જાફરાબાદ , હઝિરા , દમણ , ધોડિયાપાડા અને ઉમરગાંવ જેવા બંદર ની મુલાકાત લેવાના છે.

----------------------------

## CM ANKLAVADI

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે આણંદ જિલ્લાના આંકલાવડી ખાતે આવેલા શ્રી શ્રી રવિશંકરના આશ્રમની સૌજન્ય મુલાકાત લીધી હતી. તેમણે સંસ્થાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ મિશન ગ્રીન અર્થ – ગ્રીન ગુજરાતનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું કે , સરકારનું કામ પ્રજાની સેવા માટે સમયનો સદુપયોગ થાય તે છે. ગુજરાત હરીયાળું બને તે માટેના કાર્યોમાં જયારે આર્ટ ઓફ લીવીંગ જેવી સંસ્થાઓ "આપણું ગુજરાત , હરિયાળું ગુજરાત" ના શુભ સંકલ્પ સાથે જોડાય છે, ત્યારે તે કાર્યમાં દિવ્ય ઊર્જાનો સંચાર થતો હોય છે. મુખ્યમંત્રીએ શ્રી શ્રી રવિશંકરના આશિર્વાદ સાથે લોકોની વધુ સારી સેવા કરવા માટેની પ્રતિબધ્ધતા પણ વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે શ્રી શ્રી રવિશંકરે મુખ્યમંત્રીને આવકારતાં જણાવ્યું કે , ગુજરાતની પ્રગતિ અને સમૃધ્ધિ માટે ખુબ ટુંકા સમયમાં ઘણું સારૂ કાર્ય થયું છે. તેમણે ગુજરાત

ગ્રીન બને તે માટે સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ ‘‘આપણું ગુજરાત, હરિયાળું ગુજરાત’’ની મુહિમમાં સહભાગી બનવા બદલ સરકાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શ્રી શ્રી રવિશંકરે આંકલાવડી આશ્રમ ખાતે ગ્રીન ગુજરાત ઝુંબેશનો શુભારંભ કરાવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પર્યાવરણ સંરક્ષણના સંકલ્પને પૂર્ણ કરવા આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા મિશન ગ્રીન અર્થ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ‘‘આપણું ગુજરાત, હરિયાળું ગુજરાત’’ના મંત્રને સાકાર કરવા ગુજરાતમાં મિયાવાંકી પદ્ધતિથી ૧૦૦૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે.

------------------------------

## DANG ASSEMBLY

વિધાનસભાની સામાન્ય ચૂંટણી સંદર્ભે ડાંગ વિધાનસભા મતદાર વિભાગના નિયુક્ત નોડલ ઓફિસરોને , જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ભાવિન પંડ્યાએ પરસ્પર સંકલન અને સહયોગ સાથે ચૂંટણીની કામગીરી હાથ ધરવાની સૂચના આપી છે. શ્રી પંડ્યાએ , જુદી જુદી કમિટિના નોડલ ઓફિસરોને તેમની કામગીરી સંદર્ભે કોઈ સમસ્યા , મુશ્કેલી હોય તો વેળાસર તેની જાણકારી ચૂંટણી તંત્રને કરી દેવાની હિમાયત કરી હતી.

જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં , જુદી જુદી કમિટિઓ, કાયદો અને વ્યવસ્થા , EVM, VVPET, આચાર સંહિતા , સ્વીપ, વગેરે બાબતોની ચર્ચા વિચારણા હાથ ધરી હતી.

----------------

# SABARKANTHA- ITI ADMISSION

સાબરકાંઠા જિલ્લાની સરકારી ઔ દ્યોગિક તાલીમ સંસ્થા પ્રાંતિજમાં વર્ષ-૨૦૨૨ અંતર્ગત પાંચમા રાઉન્ડમાં એડમિશન હેઠળ NCVT કોર્સમાં એડમિશન આપવાની કામગીરી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી ચાલુ રહેશે.

જે ઉમેદવાર પ્રવેશ મેળવવા માંગતા હોય તે ઉમેદવાર સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી આઇ.ટી.આઇ પ્રાંતિજ ખાતે જરૂરી ડૉક્યુમેન્ટ સાથે હાજર રહેવું. એમ ઔદ્યોગિક તાલીમ સંસ્થા પ્રાંતિજના આચાર્યશ્રીની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

--------------------------